પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૫૭ | ૧૦ માર્ચ, ૨૦૧૭, શુક્રવાર ; ફાગણ સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### પરિણામ પહેલા સપામાં ધમાસાણ



ઉત્તરપ્રદેશના રસપ્રદ ચૂંટણી જંગના પરિણામો ૧૧મીએ સવારે જાહેર થાય તે પહેલા સમાજવાદી પાર્ટીમાં ધમાસણ મચી છે. પક્ષના વરિષ્ઠ નેતા રવિદાસ મહરોત્રાએ કહ્યુ કે કોંગ્રેસ સાથે જોડાણ નિરર્થક છે. સપા એકલી જ જીતી શકે છે. જ્યારે સીનીયર મંત્રી આઝમખાને કહ્યું કે જો પરાજય થાય તો તેમાં અખિલેશ એકલા જ જવાબદાર નહી રહે.

### વાડરાનો કેજરીવાલ પર પ્રહાર



કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીના જમાઈ રોબર્ટ વાડ્રાએ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પર પ્રહાર કરતા ટ્વીટ કરી હતી કે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ લોકોને તેમની વિરૂદ્ધ ભડકાવવાની જગ્યાએ મારી સાથે સીધી જ વાત કરી શકે છે.

### પી.વી. સિંધુ ઈંગ્લેન્ડ ચેમ્પિયનશીપમાં બીજા રાઉન્ડમાં



રિયો ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ વિજેતા પી.વી. સિંધુએ ઓલ ઈંગ્લેન્ડ બેડમિન્ટ ચેમ્પિયનશીપના બીજા રાઉન્ડમાં પ્રવેશ કરી લીધો છે. પી.વી. સિંધુ આ ચેમ્પિયનશીપ જીતવા ઘણી મહેનત કરી રહી છે.

### કાશ્મિરના પુલવમાં વિસ્તારમાં બે આતંકી ઠાર

દક્ષિણ કાશ્મિરના પુલવામા વિસ્તારમાં આતંકીઓ અને સેના વચ્ચે ચાલી રહેલ ગોળીબારમાં બે આતંકીઓ ઠાર કરાયા છે. પડધમ પોરા વિસ્તારમાં ચારથી પાંચ આતંકીઓને સેનાએ ઘેરી લીધા છે. જો કે હજુ ઓપરેશન ચાલુ છે.

### ઓસ્કાર વિજેતા ફિલ્મ 'ધ સેલ્સમેન' ૩૧મીથી ભારતમાં




ઈરાની ફિલ્મ મેકર અસગર ફરહદીની ઓસ્કર વિજેતા ફિલ્મ 'ધ સેલ્સમેન' ૩૧મી માર્ચના રોજ રીલીઝ થશે. આ ફિલ્મમાં તરાનેહ અલીદસ્ત અને સાહબ હુસેનની મુખ્ય ભૂમિકા છે.

### ફેસબુક બનાવશે ટીવી કાર્યક્રમ

આવનારા દિવસોમાં ફેસબુક



મનોરંજનની દુનિયામાં એક ડગલુ માંડી રહ્યુ છે. લાઈવ ફિયરની સફળતા બાદ ફેસબુક હવે ઓરિજિનલ ટીવીની માફક કાર્યક્રમો બનાવવાની યોજના ઘડી રહ્યું છે.

# લખનૌથી ફરાર બંને આતંકવાદીઓ ઝડપાયા

**લખનૌ અથડામણમાંથી ભાગી છુટેલા બંને આતંકવાદીઓ પકડી પડાયા : ઝડપાયેલા ત્રાસવાદીની ગૌસ મોહમ્મદ-અઝહર તરીકે ઓળખ થઈ : બાતમીના આધારે બંને ત્રાસવાદીઓને કાનપુરમાંથી પકડી પાડવામાં આવ્યા અન્ય સાગરીતોની વ્યાપક શોધખોળ જારી : તંત્રને મોટી સફળતા હાથ લાગી**



કાનપુર, તા. ૯

ભોપાલ-ઉજજૈન એક્સપ્રેસમાં બોમ્બ બ્લાસ્ટ અને લખનૌમાં થયેલી અથડામણ સાથે સંબંધિત બે ફરાર ત્રાસવાદીઓને આજે કાનપુરમાંથી પકડી પાડીને મોટી સફળતા હાંસલ કરી લેવામાં આવી છે. ધરપક કરવામાં આવેલા લોકોના નામ ગૌસ મોહમ્મદ અને અઝહર તરીકે ઓળખાયા છે. ફરાર થયેલા બંને ત્રાસવાદીઓની ધરપકડ કરવામાં આવ્યા બાદ આકરી પૂછપરછ ચાલી રહી છે. ઉત્તર પ્રદેશ પોલીસના એડીજી, લો એન્ડ ઓર્ડર દલજીતસિંહ ચૌધરીએ માહિતી આપતા કહ્યું છે કે ગુપ્તચર માહિતી મળ્યા બાદ બંને ત્રાસવાદીઓને કાનપુરમાંથી પકડી પાડવામાં આવ્યા છે. પોલીસો બંનોને લખનૌ અથડામણના મામલામાં વોન્ટેડ જાહેર કર્યા હતા. તેમની તપાસ ચાલી રહી હતી. આ પહેલા અઝહર કાનપુરમાં પોલીસને ચકમો આપીને ફરાર થઈ ગયો હતો. પાટનગર લખનૌમાં ઠાકુરગંજ વિસ્તારમાં ત્રાસવાદી સૈફુલ્લા અથડામણમાં ઠાર થયો હતો. તેની પાસેથી મોટા પ્રમાણમાં હથિયારોનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. ત્રાસવાદી પાસેથી મળેલા દસ્તાવેજોથી સાબિત થઈ ગયું હતું કે જો આ હુમલાને

● અનુસંધાન પાન-૭ પર

## દેશને સરતાજ મોહમ્મદ પર ગર્વ છે : રાજનાથસિંહ

**સંસદમાં વિસ્તારપૂર્વક માહિતી આપી : ટ્રેન બ્લાસ્ટ અને અન્ય મામલામાં એનઆઈએ ચકાસણી કરશે : રાજનાથ**



નવી દિલ્હી,તા. ૯

મધ્યપ્રદેશમાં ભોપાલ-ઉજજૈન પેસેન્જર ટ્રેનમાં બોમ્બ બ્લાસ્ટ બાદ છ શકમંદ ત્રાસવાદીઓની ધરપકડ અને લખનૌમાં અથડામણના મુદ્દા પર આજે કેન્દ્રિય ગૃહમંત્રી રાજનાથસિંહે સંસદમાં નિવેદન આપ્યું હતું. લખનૌમાં એટીએસના હાથે ઠાર મારવામાં આવેલા શંકાસ્પદ ત્રાસવાદી સૈફુલ્લાના પિતા મોહમ્મદ સરતાજને દેશના ગૌરવ તરીકે ગણાવીને રાજનાથસિંહે કહ્યું હતું કે તેમના પ્રત્યે સમગ્ર ગૃહને સહાનુભૂતિ હોવી જોઈએ. ગૃહમંત્રીએ કહ્યું છે કે ટ્રેન બ્લાસ્ટ અને લખનૌ અથડામણ સહિત સમગ્ર ઘટનાક્રમની તપાસ એનઆઈએ મારફતે કરાવવામાં આવશે. રાજનાથસિંહે સંસદમાં અથડામણ, ટ્રેનમાં બ્લાસ્ટ, આતંકવાદીઓની ધરપકડના સંદર્ભમાં વિસ્તારથી માહિતી આપી હતી અને કહ્યું હતું કે ઉત્તરપ્રદેશ પોલીસ સાથેની મુલાકાતમાં સૈફુલ્લાના પિતાએ કહ્યું હતું કે જે દેશનો નથી તે કોઈનો હોઈ શકે નહીં. દેશ સૌથી પહેલા છે. ત્યારબાદ તમામ બાબતો આવે છે. ગૃહમંત્રીએ કહ્યું હતું કે સૈફુલ્લાના પિતાએ પોતાના ગેરમાર્ગે દોરાઈ ગયેલા પુત્રને લઈને પણ નારાજગી વ્યક્ત કરી

● અનુસંધાન પાન-૭ પર

# વોલેટમાં પૈસા ઉમેરવા હવે બે ટકાનો ચાર્જ

**પેટીએમ દ્વારા નિર્ણય કરવામાં આવતા ગ્રાહકોમાં નિરાશા : યુઝર્સ ક્રેડિટ કાર્ડથી પૈસા એટીએમ વોલેટમાં એડ કર્યા બાદ બેન્ક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી રહ્યા હતા : મજબુરીમાં નિર્ણય કરાયો : પેટીએમની જાહેરાત**

બેંગલોર, તા.૯

ક્રિકેટ કાર્ડથી પેટીએમ વોલેટમાં પૈસા મુકવા પર હવે પેટીએમ બે ટકા ચાર્જ વસુલ કરશે. પેટીએમનું કહેવું છે કે તેને મજબુરીમાં આવું કરવાની ફરજ પડી રહી છે. કારણ કે અનેક યુઝર ક્રેડિટ કાર્ડથી પૈસા પેટીએમ વોલિટમાં એડ કરી લીધા બાદ તેને બેન્ક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી લે છે જેના પર તેમને કોઈ ટ્રાન્ઝેકશન આપવાની જરૂર પડતી નથી. ટ્રાન્ઝેકશન ફી લાગતી નથી. પેટીએમ બે ટકાના દરે કાપવામાં આવેલા ટેક્સ જેટલી રકમ કેશ બેક તરીકે આપશે. પેટીમે સ્પષ્ટતા કરી છે કે પેટીએમ વોલેટમાં નેટ બેન્કીંગ અને ડેબિટ કાર્ડ મારફતે પૈસા મુકવા પર કોઈ ચાર્જ લાગુ થશે નહીં. નોટબંધી દરમ્યાન જટીલ સ્થિતિ વેળા પેટીએમએ મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરી હતી. પેટીએમએ કોઈપણ પ્લેટફોર્મથી પેટીએમ વોલેટમાં પૈસા મુકવા પર જીરો ટ્રાન્જેકશન ફી રાખી હતી. પેટીએમ વોલેટથી યુઝરના એકાઉન્ટરમાં પૈસા ટ્રાન્ફર કરવામાં પણ પેટીએમ કોઈ

● અનુસંધાન પાન-૭ પર




# ઉત્તરપ્રદેશ, ગોવા અને મણીપુરમાં ભાજપ વિજય પંથે : એક્ઝીટ પોલ

**પંજાબમાં આમ આદમી પાર્ટી બહુમતિની નજીક જોકે કોંગ્રેસ લગોલગ : ઉત્તરાખંડમા કોંગ્રેસ-ભોજપ વચ્ચે કશ્મકસ : ચૂંટણી પરિણામના કલાકો પહેલા જ એક્ઝિટ પોલના તારણ જાહેર : ઉત્તરપ્રદેશમાં ભાજપને મોટી સફળતા મળશે**

નવી દિલ્હી,તા. ૯

જેની રાજકીય વર્તુળોમાં ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે ૧૧મી માર્ચના દિવસે જાહેર કરવામાં આવનાર પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી પહેલા એક્ઝિટ પોલના તારણો આજે સાંજે જાહેર કરવામાં આવ્યા હતા તે મુજબ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ઝંઝાવતી ચૂંટણી પ્રચાર વચ્ચે ભાજપ ઉત્તરપ્રદેશ, ગોવા, મણિપુરમાં શાનદાર દેખાવ કરી શકે છે. આ રાજ્યોમાં કમળ ખીલી શકે છે. એક્ઝિટ પોલના પરિણામ આજે જાહેર કરવામાં આવ્યા હતા તે મુજબ ઉત્તરપ્રદેશમાં મોટાભાગે એક્ઝિટ પોલમાં ભાજપને સૌથી મોટી પાર્ટી તરીકે ગણાવવામાં આવી રહી છે. જ્યારે સમાજવાદી પાર્ટી બીજા નંબરની પાર્ટી તરીકે રહી શકે છે. ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં વીએમઆર મુજબ ભાજપને ૨૦૦ બેઠકો મળી શકે છે. જ્યારે એડીપીસીડીએસ મુજબ ભાજપને ૧૭૫ બેઠક મળી શકે છે. આવી જ રીતે સી વોટર મુજબ ભાજપને ૧૬૧ બેઠકો મળી શકે છે. કહેવાનો મતલબ એ છે કે ઉત્તરપ્રદેશમાં નરેન્દ્ર મોદીની લહેર હજુ પણ જોવા મળી રહી છે. વર્ષ ૨૦૧૨માં વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને જે બેઠકો મળી હતી તેની સરખામણીમાં ખૂબ વધારે બેઠકો ભાજપને મળી રહી છે અને જોરદાર સપાટો ભાજપ બોલાવી શકે છે. વીએમઆર મુજબ ભાજપ ૨૦૦ બેઠકની આસપાસ જીતી શકે છે. જ્યારે સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ ગઠબંધનને ૧૨૦ બેઠકો મળી શકે છે. સી વોટર મુજબ ભાજપને ૧૬૧ અને સપા-કોંગ્રેસ ગઠબંધનને ૧૪૧ બેઠક મળી શકે છે. એક્ઝિટ પોલના પરિણામ આજે મોડી સાંજે જાહેર કરવામાં આવ્યા હતા. જેથી ભાજપની છાવણીમાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. હાલમાં મોટાભાગના રાજ્યોમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણી અને સ્થાનિક ચૂંટણીઓમાં ભાજપે સારો દેખાવ કર્યો છે. ખાસ કરીને સ્થાનિક ચૂંટણીમાં ભાજપે જોરદાર દેખાવ કર્યો છે. નોટબંધી બાદ સ્થાનિક ચૂંટણીઓમાં ભાજપે ઓરિસ્સા, મહારાષ્ટ્ર, ગુજરાત સહિતના રાજ્યોમાં જોરદાર દેખાવ કર્યો છે. આજે એક્ઝિટ પોલના પરિણામ જાહેર કરવામાં આવ્યા હતા. જ્યારે સત્તાવાર પરિણામ ૧૧મી માર્ચના દિવસે જાહેર કરવામાં આવનાર છે. રાજ્યો માટે વોટીંગ ખતમ થયા બાદ

● અનુસંધાન પાન-૭ પર

### ઉત્તરપ્રદેશમાં ભાજપ સૌથી મોખરે : એક્ઝિટ પોલ

| સંસ્થા | ભાજપ ગઠબંધન | સપા-કોંગ્રેસ ગઠબંધન | બસપ | અન્ય |
|---|---|---|---|---|
| એબીપી-સીએસડીએસ | ૧૭૫ | ૧૬૩ | ૬૬ | ૦ |
| એમઆરસી | ૧૮૫ | ૧૨૦ | ૯૦ | ૮ |
| વીએમઆર | ૧૯૦-૨૧૦ | ૧૨૦ | ૬૪ | ૧૯ |
| સીવોટર | ૧૬૧ | ૧૪૧ | ૮૭ | ૧૪ |

### પંજાબમાં આપ મોખરે : એક્ઝીટ પોલ

| સંસ્થા | અકાલી ગઠબંધન | કોંગ્રેસ | એએપી | અન્ય |
|---|---|---|---|---|
| ઈન્ડિયા ટુડે એક્સિસ | ૪-૭ | ૬૨-૭૧ | ૪૨-૫૧ | ૦-૨ |
| એમઆરસી | ૭ | ૫૫ | ૫૫ | ૦-૨ |
| સીવોટર | ૫-૧૩ | ૪૧-૪૯ | ૫૯-૬૭ | ૦-૩ |
| ન્યૂઝ ૨૪ | ૯ | ૫૪ | ૫૪ | ૦૦ |

### ઉત્તરાખંડમાં ભાજપ-કોંગ્રેસ કશ્મકસ : એક્ઝિટ પોલ

| સંસ્થા | ભાજપ | કોંગ્રેસ | અન્ય |
|---|---|---|---|
| ટુડે ચાણક્ય | ૫૩ | ૧૫ | ૨ |
| એબીપી ન્યૂઝ | ૩૪-૪૨ | ૨૩-૨ | ૩-૯ |
| સી વોટર | ૩૨ | ૩૨ | ૬ |

### મણીપુર : એક્ઝિટ પોલ

**સી વોટર પોલ**

| | |
|---|---|
| કુલ બેઠક | ૬૦ |
| ભાજપને મળી શકે | ૨૮ |
| કોંગ્રેસને મળી શકે | ૨૦ |
| અન્યોને | ૧૨ |

### ગોવા : એક્ઝિટ પોલ

**સી વોટર પોલ**

| | |
|---|---|
| કુલ બેઠક | ૪૦ |
| ભાજપને મળી શકે | ૧૮ |
| કોંગ્રેસને મળી શકે | ૧૫ |
| આમ આદમી પાર્ટી | ૨ |
| અન્યોને | ૫ |





